# ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી

બ્લોક નંબર ૧૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન

ગુજરાત રાજ્ય, ગાંધીનગર

જા. ન. કવટ/ISC-8/2026/7697 તા. 30/06/2026

પ્રતિ,

પ્રમુખ

એસ બી ગાર્ડા આર્ટ્સ કોલેજ & પી કે પટેલ કોલેજ ઓફ કોમર્સ,

નવસારી

વિષય: અધ્યાપક સહાયક ભરતી(ફક્ત દિવ્યાંગ માટે)નો બીજો પ્રયત્ન બાબત

સંદર્ભ: 01) કવટ/આઈએસસી -૪/ભરતી/૨૦૨૫/૨૧૯૨૭-૨૯, તા.૨૫/૦૭/૨૦૨૫

02) આપની સંસ્થાનો પત્રકમાંક:૧૬૫૯/૨૦૨૫-૨૬,તા.૨૩/૦૨/૨૦૨૬નો પત્ર

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સંદર્ભ ૦૧)થી અત્રેની કચેરી દ્વારા આપને અધ્યાપક સહાયકની કુલ ૨૬ જગ્યાની એન ઓ સી આપેલ હતી. તે પૈકી આપના દ્વારા ૨૪ જગ્યાઓ ઉપર ભરતી કરેલ છે જેની અત્રેની કચેરી દ્વારા પૂર્વ મંજુરી આપેલ છે. ભરતી ન થયેલ ૦૨ જગ્યાઓ દિવ્યાંગ કેટેગરી ( અધ્યાપક સહાયકની અર્થશાસ્ત્ર વિષયની A કેટેગરીની ૦૧ જગ્યા અને કોમર્સ એકાઉન્ટન્સીની B કેટેગરીની ૦૧ જગ્યા)ની હતી. પરંતુ ઉક્ત જગ્યાઓ ઉપર ઉમેદવાર મળેલ ન હોઈ તે જગ્યાઓ ઉપર ભરતી થયેલ નથી.

સંદર્ભ ૦૨)થી આપના દ્વારા દિવ્યાંગ કેટેગરીની ખાલી રહેલ ૦૨ જગ્યાઓ ભરવા માટે NOCની અરજી કરેલ હતી. PH કેટેગરીમાં ડીસીબીલીટી મુજબ ઉમેદવારના અભાવે ૦૨ જગ્યાઓ ખાલી રહી છે જે ભરવા માટે 'બીજા પ્રયત્ન'નું આયોજન કરવાનું થાય છે. આ બીજા પ્રયત્નમાં ચોક્કસ દિવ્યાંગતાની કેટેગરી (A, B, C, D & E) ને બદલે તમામ ખાલી જગ્યાઓને 'સામાન્ય દિવ્યાંગ ઉમેદવારો' (PH General) તરીકે ગણીને નવી જાહેરાત આપવાની થાય છે. પરંતુ તેમાં પ્રથમ પસંદગી જે તે કેટેગરીના ઉમેદવારને આપવાની થાય અને જો તે કેટેગરીનો ઉમેદવાર ન મળે તો જ અન્ય કેટેગરીના ઉમેદવારની પસંદગી કરવાની થાય.

દા. ત A કેટેગરીની ૦૧ જગ્યા ખાલી રહેલ છે. તો ઉક્ત ૦૧ જગ્યા ભરવા બીજો પ્રયત્ન હાથ ધરવામાં આવે ત્યારે પ્રથમ પસંદગી A કેટેગરીના ઉમેદવારની કરવી. અને તેમાં A કેટેગરીના ઉમેદવાર ન મળે તો જ B, C, D & E કેટેગરીના ઉમેદવારને પસંદગી આપવાની થાય.

આમ, ઉક્ત વિગતો ધ્યાને લેતા અત્રેની કચેરી દ્વારા PH કેટેગરીની અધ્યાપક સહાયકની એન. ઓ. સી. આપવામાં આવેલ છે તેને ધ્યાને લઈ ખાલી જગ્યાઓ માટે બીજા પ્રયત્નમાં ઉપર મુજબની શરતે ચોક્કસ દિવ્યાંગતાની કેટેગરી (A, B, C, D & E) ને બદલે તમામ ખાલી જગ્યાઓને 'સામાન્ય દિવ્યાંગ ઉમેદવારો' (PH General) તરીકે ગણીને નવી જાહેરાત આપવાની થાય છે જેમાં જે તે વિષયની આપવામાં આવેલ એન. ઓ. સી. અને તે એન. ઓ. સી. ની નક્કી કરેલ બેન્ચ માર્ક ડીસીબીલીટીના ઉમેદવાર ઉમેદવારી નોંધાવે અને તે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ લાયકાત ધરાવતા હોય તો પ્રથમ

પસંદગી તે ઉમેદવારની કરવાની થાય છે અને જો તે બેન્ચ માર્ક ડીસીબીલીટીના ઉમેદવાર ન હોય તો તે એન. ઓ. સી. ને PH General કેટેગરી ગણી સરકારશ્રી દ્વારા નિયત કરેલ બેન્ચ માર્ક ડીસીબીલીટી A, B, C, D & E માંથી કોઈપણ ઉમેદવારને લાયક ગણી નિયમોનુસાર ભરતીની કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે

નોંધ ઉપર માન.નિયામકશ્રીના આદેશાનુસસર

નાયબ નિયામક(કોલેજ)
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા.ગાંધીનગર.